# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-10-2024** **Midday : 1.20 to 1.30**

**Day : Saturday** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

******************************************************************

- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આવતીકાલથી અલ્જેરિયા, મોરિટાનિયા અને માલાવી એમ ત્રણ દેશોની મુલાકાતે જશે.
- સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આજે BRO દ્વારા 2 હજાર 236 કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવેલ 75 માળખાકીય પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું.
- તામિલનાડુના કાવરપેટ્ટાઈ ખાતે ગઈકાલે રાત્રે થયેલા ટ્રેન અકસ્માતની ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપ્યા.
- પ્રધાનમંત્રી ઇન્ટર્નશિપ યોજના પોર્ટલ પર અત્યાર સુધીમાં 193 કંપનીઓ દ્વારા લગભગ 91 હજાર ઇન્ટર્નશિપની તકો પૂરી પાડવામાં આવી.
- દેશભરમાં દશેરા પર્વની ભક્તિભાવપૂર્વક થઈ રહેલી ઉજવણી. – રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ સૌની સફળતા અને સમૃદ્ધિની કામના કરી છે.
- નેશનલ વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશીપમાં હરમનપ્રીત કૌરે ગઈકાલે વરિષ્ઠ મહિલા 76 કિલો વજનવર્ગમાં નવો રાષ્ટ્રીય રેકોર્ડ બનાવ્યો.

******************************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# President – 3 Country tour

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આવતીકાલથી 19મી ઓક્ટોબર સુધી અલ્જેરિયા, મોરિટાનિયા અને માલાવી એમ ત્રણ દેશોની મુલાકાતે જશે. રાષ્ટ્રપતિની ત્રણ આફ્રિકન દેશોની આ પ્રથમ મુલાકાત હશે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ તેમની આ મુલાકાત દરમિયાન તેઓ આ દેશોના વડાઓ સાથે દ્વિપક્ષીય બેઠકો કરશે અને પ્રવાસી ભારતીયો સાથે વાતચીત કરશે. મુલાકાતના પ્રથમ તબક્કામાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આવતીકાલથી 15મી ઓક્ટોબર સુધી અલ્જીરિયાની મુલાકાત લેશે.

બીજા તબક્કામાં તેઓ 16મી ઓક્ટોબરે મોરિટાનિયાની મુલાકાત લેશે. છેલ્લા તબક્કામાં 17થી 19 ઓક્ટોબર દરમિયાન તેઓ માલાવીની મુલાકાત લેશે. રાષ્ટ્રપતિની ત્રણ દેશોની આ મુલાકાતનો ઉદ્દેશ્ય આફ્રિકન દેશો સાથે ભારતના સંબંધોને વધુ મજબૂત અને વિસ્તૃત કરવાનો છે.

..........................................................................................

પુલ, નીકિતા શાહ

# Rajnath Singh - Update

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આજે BRO દ્વારા 2 હજાર 236 કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવેલ 75 માળખાકીય પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું. સિક્કિમમાં બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન દ્વારા આયોજિત કાર્યક્રમ દરમિયાન સંરક્ષણ મંત્રીએ 22 રસ્તાઓ, 51 પુલ અને અન્ય બે પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રોજેક્ટ્સ આંદામાન અને નિકોબાર ટાપુઓ સહિત દેશના 11 સરહદી રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં બનાવવામાં આવ્યા છે.

સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ દ્વારા ઉદ્ઘાટન કરાયેલા આ પ્રોજેક્ટ્સમાં લદ્દાખમાં બે પુલનો સમાવેશ થાય છે. આ પુલ સંરક્ષણ દળોને તમામ હવામાનમાં કનેક્ટિવિટી પૂરી પાડવા માટે સરહદી વિસ્તારો માટે વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ છે.

હેમિયા બ્રિજ પૂર્વી લદ્દાખમાં દક્ષિણ પેટા-પ્રદેશોમાં ઝડપી જોડાણમાં મદદ કરશે. સૌથી મહત્ત્વપૂર્ણ સિક્કીમમાં કુપુપ – શેરથાંગ રોડ છે, જે લશ્કરને અવરજવર માટે વૈકલ્પિક માર્ગ પ્રદાન કરશે.

..........................................................................................

પુલ, નીકિતા શાહ

# RAJNATH-SHASTRA PUJA

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે વિજયાદશમી પર દાર્જિલિંગમાં સુકના કેન્ટોનમેન્ટમાં શસ્ત્ર પૂજા કરીને સેનાના જવાનો સાથે તહેવારની ઉજવણી કરી હતી. તેમણે ભારતીય સેનાના ૩૩ કોર્પ્સ હેડક્વાર્ટરમાં પરંપરાગત શસ્ત્ર પૂજામાં ભાગ લીધો હતો. સંરક્ષણ મંત્રીએ કહ્યું કે, વિજયાદશમી પર શસ્ત્ર પૂજન એ ઘણી જૂની પરંપરા છે.

..............................................................................

પુલ, સોનલ પરમાર

# TRAIN ACCIDENT

દક્ષિણ રેલવેના ચેન્નાઈ ડિવિઝનમાં કાવરપેટ્ટાઈ ખાતે ગઈકાલે રાત્રે થયેલા ટ્રેન અકસ્માતની ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે મૈસુર-દરભંગા બાગમતી એક્સપ્રેસ પોનેરી પાસેથી પસાર થઈ રહી હતી ત્યારે ઉભી રહેલી માલગાડી સાથે અથડાઈ હતી. જોકે આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નથી, અકસ્માતમાં ઘાયલ 16 મુસાફરોની વિવિધ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

દક્ષિણ રેલ્વેના જનરલ મેનેજરે જણાવ્યું હતું કે, ઉચ્ચ સ્તરીય સમિતિ તપાસના અહેવાલ રજૂ કર્યા બાદ અકસ્માતનું કારણ જાણી શકાશે. તેમણે કહ્યું કે, સમારકામનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે, જોકે તેમાં 10 કલાકથી વધુ સમય લાગી શકે છે. રેલ્વે સુરક્ષા કમિશનરે પણ સ્થળનું નિરીક્ષણ કર્યું હતું અને પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. દરમિયાન આંધ્રપ્રદેશમાંથી પસાર થતી તમામ ટ્રેનોના રૂટ બદલવામાં આવ્યા છે.

..............................................................................

પુલ, નીકિતા શાહ

# PM Internship Scheme

પ્રધાનમંત્રી ઇન્ટર્નશિપ યોજના પોર્ટલ પર અત્યાર સુધીમાં 193 કંપનીઓ દ્વારા લગભગ 91 હજાર ઇન્ટર્નશિપની તકો પૂરી પાડવામાં આવી છે. સરકાર દ્વારા આ મહિનાની ત્રીજી તારીખે પ્રાયોગિક ધોરણે શરૂ કરવામાં આવેલ ઇન્ટર્નશિપ પોર્ટલ આજે અરજદારોની નોંધણી માટે ખુલ્લુ મુકાશે.

ઇન્ટર્નશિપની તકો પોસ્ટ કરવા માટે કંપનીઓ માટે પોર્ટલ ખોલવામાં આવ્યું હતું. સરકારનું લક્ષ્ય નાણાકીય વર્ષ 2024-25 દરમિયાન 1.25 લાખ ઇન્ટર્નશિપની તકો પૂરી પાડવાનું છે. તેનો અમલ ઓનલાઈન પોર્ટલ pminternship.mca.gov.in દ્વારા કરવામાં આવશે. પાયલોટ પ્રોજેક્ટનો કુલ ખર્ચ 800 કરોડ રૂપિયા હશે. સરકાર પાંચ વર્ષના સમયગાળામાં 21 થી 24 વર્ષની વયના એક કરોડ ઉમેદવારોને ઇન્ટર્નશીપ આપવાનું લક્ષ્ય ધરાવે છે. ઇન્ટર્નને 12 મહિના માટે 5,000 રૂપિયાની માસિક નાણાકીય સહાય અને 6,000 રૂપિયાની એક વખતની ગ્રાન્ટ મળશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, 36 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 737 જિલ્લામાં આ તકો ઉપલબ્ધ છે. આ તકો તેલ, ગેસ અને ઊર્જા, મુસાફરી અને હોસ્પિટાલિટી, ઓટોમોટિવ અને બેંકિંગ અને નાણાકીય સેવાઓ સહિત 24 ક્ષેત્રોમાં ફેલાયેલી છે. ઉમેદવારો આજથી આ મહિનાની 25મી તારીખ સુધી પોર્ટલ દ્વારા ઇન્ટર્નશિપ માટે અરજી કરી શકશે. ઇન્ટર્નશિપનો સમયગાળો 12 મહિનાનો રહેશે.

....................................................................................

પુલ, નીકિતા શાહ

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

..............................................................................

- રિપીટ

# Vaijayadshmi

દેશભરમાં આજે દશેરા પર્વની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. આ તહેવાર આસુરી શક્તિ પર વિજયના પ્રતીક તરીકે ઉજવવામાં આવે છે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ દેશવાસીઓને વિજયાદશમીની શુભેચ્છા પાઠવી છે.

રાષ્ટ્રપતિએ પોતાના સંદેશમાં કહ્યું કે, આ તહેવાર અન્યાય પર ન્યાયની જીતનું પ્રતીક છે. રાષ્ટ્રપતિએ શુભેચ્છા પાઠવી છે કે આસ્થા અને ઉત્સાહનો આ તહેવાર બધા માટે સફળતા, સમૃદ્ધિ અને ખુશીઓ લાવે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકોને વિજયાદશમીની શુભેચ્છા પાઠવી છે. સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં, શ્રી મોદીએ કામના કરી કે મા દુર્ગા અને ભગવાન શ્રી રામના આશીર્વાદથી, લોકો જીવનના દરેક ક્ષેત્રમાં વિજય પ્રાપ્ત કરે. ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે દેશવાસીઓને વિજયાદશમીના તહેવારની શુભેચ્છા પાઠવતા કહ્યું કે, આ તહેવાર અનિષ્ટ પર જીતનો સંદેશ આપે છે. તેમણે દરેકને તમામ બુરાઈઓનો નાશ કરવાની પ્રતિજ્ઞા લેવા આહ્વાન કર્યું હતું.

.......................................................................

પુલ, નીકિતા શાહ

# Mohan Bhagwat - Foundation day

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા ડો. મોહન ભાગવતે મહિલાઓ પર થતા અત્યાચારો પર દુઃખ વ્યક્ત કરતા કહ્યું કે કોલકાતાની આરજી કાર હોસ્પિટલમાં શરમજનક અને અપમાનજનક ઘટના ગુના અને રાજકારણ વચ્ચેની સાંઠગાંઠનું પરિણામ છે. ડો. ભાગવત આજે સવારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના 99માં સ્થાપના દિવસના અવસર પર નાગપુરમાં વિજયાદશમીના મુખ્ય સમારોહને સંબોધિત કરી રહ્યા હતા. તેમણે શૈક્ષણિક સંસ્થાઓમાંથી સાંસ્કૃતિક મૂલ્યો કેળવવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો.

બંધારણના મહત્વને રેખાંકિત કરતાં ડૉ. ભાગવતે જણાવ્યું હતું કે, બંધારણની પ્રસ્તાવના, સિદ્ધાંતો, મૂળભૂત ફરજો અને અધિકારો વિશેની માહિતી સામાન્ય લોકો સુધી પહોંચવી જોઈએ. વિજયાદશમીના શુભ અવસર પર આરએસએસના વડાએ શાસ્ત્ર પૂજા પણ કરી હતી. આ પ્રસંગે ભારતીય અવકાશ સંશોધન સંસ્થા-ઇસરોના ચીફ ડૉ. રાધાકૃષ્ણન મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ડો. રાધાક્રિષ્નને જણાવ્યું હતું કે, ટેકનોલોજીએ ઉચ્ચ શિક્ષણમાં પરિવર્તન લાવ્યું છે અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 ભારતને વાઇબ્રન્ટ જ્ઞાન અર્થતંત્રમાં પરિવર્તિત કરશે. આ પ્રસંગે માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરી અને મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ પણ હાજર રહ્યા હતા

..................................................................................

પુલ, નીકિતા શાહ

# Durga Puja festival in West Bengal

પશ્ચિમ બંગાળમાં દુર્ગા પૂજા ઉત્સવ આજે નદીઓ અથવા અન્ય જળાશયોમાં મૂર્તિઓના વિસર્જન સાથે તથા સિંદૂર ખેલા અને ધુનુચી નૃત્ય સાથે સમાપ્ત થયો છે. અમારા કોલકાતા સંવાદદાતા જણાવે છે કે, મંગળવારે કોલકાતામાં દુર્ગા પૂજા કાર્નિવલનું આયોજન કરવામાં આવશે, જેમાં આંતરરાષ્ટ્રીય પ્રેક્ષકોની ઉપસ્થિતિમાં કેટલાક પૂજા પંડાલમાંથી શ્રેષ્ઠ મૂર્તિઓ પ્રદર્શિત કરવામાં આવશે.

દરમિયાન શ્રીલંકામાં ભારતીય સાંસ્કૃતિક સંઘે ઉત્સાહ અને ભક્તિ સાથે મહાઅષ્ટમીની ઉજવણી કરી. અષ્ટમીની ઉજવણી માટે ગઈકાલે કોલંબોમાં શ્રી મણિકા વિનાયગર કોવિલમાં મોટી સંખ્યામાં પ્રવાસી ભારતીયોએ સહભાગી થાય હતા. આ પ્રસંગે ભક્તોએ પૂજા અર્ચના કરી આરતીમાં ભાગ લીધો હતો. પરંપરાગત આરતી અને પૂજા ઉપરાંત, દુર્ગા પૂજાની થીમ પર સાંસ્કૃતિક પ્રદર્શન પણ કરવામાં આવ્યું હતું.

..........................................................................................

પુલ, નીકિતા શાહ

# Weightlifting Championship

IWLF નેશનલ વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશીપમાં, હરમનપ્રીત કૌરે ગઈકાલે વરિષ્ઠ મહિલા 76 કિલો વજનવર્ગમાં નવો રાષ્ટ્રીય રેકોર્ડ બનાવ્યો છે.

હરમનપ્રીતે ક્લીન એન્ડ જર્કમાં 127 કિલો અને કુલ 223 કિલો વજન ઉપાડ્યું હતું. દરમિયાન, જુનિયર વિભાગમાં, હીનાએ 76 કિલો વજનવર્ગમાં ક્લીન એન્ડ જર્કમાં 123 કિગ્રા અને કુલ 211 કિગ્રા વજન ઉઠાવીને નવો રેકોર્ડ બનાવ્યો હતો. ટોટલ કેટેગરીમાં, જી રવિશંકરે 311 કિગ્રાની સંયુક્ત લિફ્ટ સાથે નવો રાષ્ટ્રીય રેકોર્ડ પણ બનાવ્યો હતો, જેમણે જુનિયર વિભાગમાં રામકરણ પ્રજાપતિ દ્વારા સ્થાપિત 304 કિગ્રાના અગાઉના રેકોર્ડને વટાવી દીધો હતો.

..............................................................................

પુલ, નીકિતા શાહ

# US-IRAN SANCTIONS

ઈઝરાયલ પર મિસાઈલ હુમલાના પગલે અમેરિકાએ ઈરાનના ઉર્જા વેપાર પર પ્રતિબંધોની જાહેરાત કરી છે.

અમેરિકાના વિદેશ મંત્રી એન્ટની બ્લિંકને કહ્યું છે કે, ઈરાનના પરમાણુ કાર્યક્રમને નાણાં પૂરા પાડતા આવકના પ્રવાહને રોકવા માટે અમેરિકા પગલાં લઈ રહ્યું છે. યુએસ ટ્રેઝરી અને સ્ટેટ ડિપાર્ટમેન્ટે ગઈકાલે આ પ્રતિબંધોની જાહેરાત કરી હતી. વધતા તણાવ વચ્ચે ઈઝરાયેલ ઈરાન સામે જવાબી લશ્કરી કાર્યવાહી કરવાનું વિચારી રહ્યું છે.

અમેરિકાએ કહ્યું છે કે, તે ઈરાની પેટ્રોલિયમ અને પેટ્રોકેમિકલ ઉત્પાદનોના પરિવહનમાં તેમની સંડોવણી બદલ 10 સંસ્થાઓ પર પ્રતિબંધ લાદી રહ્યું છે. ઈરાને હમાસના વડા ઈસ્માઈલ હનીયાહ અને હિઝબુલ્લાના હસન નસરાલ્લાહની હત્યાનો બદલો લેવા માટે ઈરાને ઈઝરાયેલ પર પહેલી ઓક્ટોબરે મિસાઈલ હુમલો કર્યો હતો.

દરમિયાન, અમેરિકાએ આ હુમલા સામે ઇઝરાયેલને બચાવવા માટે ઇઝરાયેલી સંરક્ષણ દળો સાથે સંકલન કર્યું.

..................................................................................

પુલ, સોનલ પરમાર

# MENS-CRICKET

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ત્રીજી અને અંતિમ T-20 ક્રિકેટ મેચ આજે હૈદરાબાદમાં  રમાશે. મેચ સાંજે 7 વાગ્યે શરૂ થશે.

ભારતીય ટીમ શ્રેણીમાં બે-શૂન્યથી આગળ છે. દિલ્હીમાં રમાયેલી બીજી T20 મેચમાં ભારતે બાંગ્લાદેશને 86 રનથી હરાવ્યું હતું, જ્યારે ગ્વાલિયરમાં રમાયેલી પ્રથમ મેચમાં ભારતે  સાત વિકેટે જીત મેળવી હતી.

..............................................................................

રિપીટ (સવારની)

# CRICKET - WOMEN'S T20 WC

મહિલા T20 ક્રિકેટ વિશ્વ કપમાં આજે શારજાહમાં ન્યૂઝીલેન્ડનો મુકાબલો ગ્રુપ-Aમાં શ્રીલંકા સામે થશે.

મેચ ભારતીય સમય અનુસાર બપોરે 3.30 વાગ્યે શરૂ થશે. ગ્રુપ-Bની મેચમાં આજે સાંજે બાંગ્લાદેશનો મુકાબલો દક્ષિણ આફ્રિકા સામે થશે. અને આ મેચ સાંજે 7.30 વાગ્યે શરૂ થશે. હાલમાં, દક્ષિણ આફ્રિકા બે જીત સાથે ગ્રુપમાં બીજા સ્થાને છે.

...................................................................................

પુલ, સોનલ પરમાર

# Mohammed Siraj

ક્રિકેટર મોહમ્મદ સિરાજે ગઈકાલે સત્તાવાર રીતે તેલંગાણાના નાયબ પોલીસ અધિક્ષક (ડીએસપી) તરીકે ચાર્જ સંભાળ્યો છે. રાજ્ય સરકારે આ વર્ષની શરૂઆતમાં ક્રિકેટર સિરાજ તેમજ બે વખતના વર્લ્ડ ચેમ્પિયન બોક્સર નિખાત ઝરીનને તેમની સંબંધિત રમતોમાં તેમના શ્રેષ્ઠ પ્રદર્શનના સન્માનમાં સરકારી નોકરીઓની જાહેરાત કરી હતી.

.............................................................................

પુલ, નીકિતા શાહ

# AFRICA-MONKEYPOX

આફ્રિકામાં મંકીપોક્સ કારણે મૃત્યુઆંક વધીને 979 થયો છે. 2024ની શરૂઆતથી અત્યાર સુધીમાં અંદાજે 38 હજાર 300 કેસ નોંધાયા છે, જેમાં 7 હજાર 339 લોકોમાં આ વાયરસની પુષ્ટિ થઈ છે.

આફ્રિકાના રોગ નિયંત્રક અને રોકથામ કેન્દ્રના મહાનિદેશક જીન કાસેયાએ જણાવ્યું હતું કે, પાછલા સપ્તાહમાં 3,186 નવા દર્દીઓ મળી આવ્યા છે. જેમાંથી 53 લોકોના મોત થયા છે. તેમણે કહ્યું કે, ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે મંકીપોક્સના કેસમાં 300 ટકાનો વધારો થયો છે. કોંગો, બુરુન્ડી, નાઈજીરીયા, કોટે ડી'આવિયર અને યુગાન્ડામાં સૌથી વધુ કેસ નોંધાયા છે.

મહાનિદેશક જીન કસેયાએ મંકીપોક્સ વાયરસને રોકવા માટે યોગ્ય પગલાં લેવા અને મોટા પાયે પરીક્ષણ હાથ ધરવા પર ભાર મૂક્યો છે.

................................................................................

પુલ, સોનલ પરમાર

# First week revealed- Rajasthan

કેન્દ્ર સરકારે આંધ્રપ્રદેશ-રાજસ્થાનની ગ્રામીણ સ્થાનિક સંસ્થાઓને ચાલુ નાણાકીય વર્ષ માટે 15મા નાણાં પંચની ગ્રાન્ટનો પ્રથમ હપ્તો જાહેર કર્યો છે.

પંચાયતી રાજ મંત્રાલયે કહ્યું કે, આંધ્રપ્રદેશને લગભગ 396 કરોડ રૂપિયાની મૂળભૂત ગ્રાન્ટ અને લગભગ 593 કરોડ રૂપિયાની નિયત કરેલી રકમની ફાળવણી કરાઈ છે. આ રકમ આંધ્રપ્રદેશમાં ચૂંટાયેલી પાત્ર જિલ્લા પંચાયતો, 616 પાત્ર બ્લોક પંચાયતો અને 12 હજાર 853 પાત્ર ગ્રામ પંચાયતો માટે છે.

મંત્રાલયે કહ્યું કે રાજસ્થાનને અંદાજે રૂ.507 કરોડની મૂળભૂત ગ્રાન્ટ અને 22 પાત્ર જિલ્લા પંચાયતો, 287 લાયક બ્લોક પંચાયતો અને 9 હજાર 68 લાયક ગ્રામ પંચાયતો માટે આશરે રૂ. 761 કરોડની નિયત ગ્રાન્ટ પ્રાપ્ત થઈ છે. મંત્રાલયેએ પણ નોંધ્યું કે, મૂળભૂત અનુદાન, પંચાયતોને ભારતના બંધારણની 11મી અનુસૂચિ હેઠળ કૃષિ અને ગ્રામીણ આવાસથી લઈને શિક્ષણ અને સ્વચ્છતા સુધીના 29 વિષયોમાં ચોક્કસ સ્થાનિક જરૂરિયાતો પૂરી કરવા સક્ષમ બનાવશે.

દરમિયાન ટાઈડ અનુદાન મુખ્ય સેવાઓ જેમ કે સ્વચ્છતા, ખુલ્લામાં શૌચમુક્ત સ્થિતિની જાળવણી અને પાણી વ્યવસ્થાપન પર ધ્યાન કેન્દ્રિત કરશે.

..................................................................................

પુલ, નીકિતા શાહ